# 11

**એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત**

* 15/4/1839 **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજામાં સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજુ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા-૨૬)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે સરકારી મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય વિચારણા કરવાની હતી, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાબતે વિચારણા થયેલ છે કે કેમ, અને | (૧) ના, જી<br><br>એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ ડીગ્રી સર્ટીફિકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની રહે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે**?** | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------